


# મલાના

## માનીકરણ અને મનાલીની વચ્ચે ઉત્તુંગ પર્વતો અને ઘોર જંગલોની વચ્ચે છે

**હિમાલયનાં વિરલ તીર્થો**
**ભાણદેવ**

મલાના બે વિશાળ પર્વતમાળાઓની વચ્ચે આવેલું એક હિમાલિયન ગામ છે; ઘણું વિશિષ્ટ પ્રકારનું ગામ છે. એટલે માત્ર ભારતમાં જ નહિ, પણ ભારતની બહાર પણ આ ગામની પ્રસિદ્ધિ ફેલાઈ ગઈ છે. આ ગામની બંને બાજુ બે ઉત્તુંગ પર્વતમાળા છે, એટલે ગામની બહાર જવા માટે કે ગામ તરફ જવા માટે બંને બાજુ એક-એક ઘાટ છે. મનાલી તરફના ઘાટને ચંદ્રાખાની ઘાટ કહે છે અને માનીકરણ તરફના ઘાટને સૂર્યાખાની ઘાટ કહે છે. મલાના માનીકરણ અને મનાલીની વચ્ચે ઉત્તુંગ પર્વતો અને ઘોર જંગલોની વચ્ચે છે. અમે માનીકરણ તરફથી મનાલા જઈ રહ્યા છીએ, એટલે અમારે સૂર્યાખાની ઘાટ પાર કરીને- મલાના પહોંચવાનું છે. બંને ઘાટ ઘણા ઊંચા છે, પણ ચંદ્રાખાની કરતાં: સૂર્યાખાનીની ઊંચાઈ થોડી ઓછી છે. છતાં સૂર્યખાનીની ચઢાઈ વિકટ તો છે જ. ચઢાઈ કરતાં ઉતરાઈ અમને વધુ વિકટ લાગી. ઉતરાઈનો પર્વતીય ઢાળ ચીકણી માટીનો બનેલો છે. આ આખા વિસ્તારમાં પહાડમાંથી પાણી સ્રવતું રહે છે. પરિણામે પહાડ ભીનો રહ્યા કરે છે. ચીકણી માટી સતત ભીની રહ્યા કરે છે, એટલે રસ્તો ખૂબ લપસણો છે. બહુ જાળવીને ચાલવું પડે છે. અમે કલાકો સુધી ચઢ્યા અને પછી કલાકો સુધી આ ચીકણા, લપસણા ઢાળ પરથી સાવધાનીપૂર્વક ઊતર્યા. લગભગ સાંજે ચારેક વાગે મલાના પહોંચ્યા. મલાનાની આજુબાજુના વિસ્તારમાં ફૂલો તથા જડીબુટ્ટીઓ પુષ્કળ પ્રમાણમાં થાય છે.

ગામમાં પહોંચતાં જ સામે એક સજ્જન મળ્યા. તેમણે અમને પહેલું જ વાક્ય કહ્યું, “છૂના મત!” મલાનાના નિવાસીઓ મુસ્લિમ આક્રમણના સમયમાં પોતાનો ધર્મ બચાવવા માટે અહીં આટલે દૂર અને આવી વિકટ પરિસ્થિતિમાં આવીને વસ્યા છે. ભૂતકાળ તેમના ચિત્તમાંથી ખસ્યો નથી. ધર્મને સાચવી રાખવા માટે તેઓ ઘણા સાવધાન છે. તેમની વાણી અને વ્યવહારમાં આ સાવધાની સતત દેખાયા કરે છે. બહારથી આવતા પ્રવાસીઓને તેમના તરફથી કોઈ મુશ્કેલી પડે તેવી શક્યતા નથી, પણ તેઓ પોતાના ધાર્મિક ખ્યાલોમાં એટલા બધા ચુસ્ત છે કે તેઓ તેમાં ફેરફાર કરવા તૈયાર નથી. જો આપણે તેમની ધાર્મિક લાગણીઓને માન આપીએ અને તેમની ધાર્મિક માન્યતા અને વ્યવહારમાં વચ્ચે ન આવીએ તો તેઓ આપણી મનાલા યાત્રામાં કોઈ મુશ્કેલીઓ ઊભી કરતા નથી.

જેઓ અમને સ્પર્શ કરવા તૈયાર નથી, તેઓ પોતાના ઘરમાં અમને નિવાસ કરવા દે એ તો બને જ કેમ? પરંતુ તેનો ઉપાય પણ તેમની પાસે છે. અમને હરિજનને ઘેર ઉતારો ગોઠવી આપ્યો. એક નાની રૂમ મળી. ભયો-ભયો! ઉતારે સામાન મૂકીને અમે ગામ જોવા નીકળ્યા. તેમના મનમાં નવાગંતુકો પ્રત્યે ભડક કે અણગમો નથી.

અમારી મુશ્કેલીઓને તેઓએ સાંભળી. તેમના ઉપાયો યોજ્યા. અમારી સાથે વાતો કરી. અમારા સવાલોના જવાબ આપ્યા. અમે તેમની જીવનપદ્ધતિ સમજવાનો પ્રયત્ન કર્યો. તેમની સાથે ખૂબ વાતો કરી. અમારા પ્રશ્નોના જવાબ તેઓ જે નિખાલસતાથી આપતા હતા. તેના પરથી લાગ્યું કે તેમને કશું સંતાડવાનું નથી. તમે અમને જેવા ગણવા હોય તેવા ગણો. અમે આ છીએ, આવા છીએ.

છેલ્લાં થોડાંક વર્ષોથી મલાના ઘણું પ્રખ્યાત થયું છે. ઘણા પ્રવાસીઓ મલાનાની મુલાકાતે જવા લાગ્યા છે; પરંતુ ગઈ કાલ સુધી મલાના એવું ગામ હતું કે જે આખા જગતથી તદ્દન અળગું હતું. ગામલોકો પોતાની જરૂરિયાતની બધી વસ્તુઓ પોતાની જાતે ઉત્પન્ન કરી લેતા. અને જે વસ્તુ પેદા ન થાય તેને જરૂરિયાતોની યાદીમાંથી કમી કરી નાખતા. બંને બાજુ ઊંચી પર્વતમાળાઓથી ઘેરાયેલું હોવાથી આ ગામ સદીઓ સુધી એકલવાયું રહ્યું છે. થોડાં વરસો પહેલાં જવલ્લે જ કોઈ બહારની વ્યક્તિ ત્યાં સુધી પહોંચતી. એટલું જ નહિ પણ સદીઓ સુધી બહારની દુનિયાને આવા કોઈ ગામની જાણ નહોતી. દરેક ઘરને પોતાની ખેતી છે. પોતાની આવશ્યકતા પ્રમાણે અનાજ પકવી લે છે. દરેક ઘરને પોતાનાં ગાય, બળદ છે.

> ગામલોકો પોતાની જરૂરિયાતની બધી વસ્તુઓ પોતાની જાતે ઉત્પન્ન કરી લેતા. અને જે વસ્તુ પેદા ન થાય તેને જરૂરિયાતોની યાદીમાંથી કમી કરી નાખતા

થોડાં દૂધ-ઘી મળી રહે છે. દરેક ઘરને પોતાનાં ઘેટાં-બકરાં છે. પોતાની જરૂરિયાત જેટલું ઊન કાંતવામાં આવે છે. દરેક ઘરમાં સાળ છે. પોતાનાં કપડાં સૌ પોતાનાં હાથે વણી લે છે. પશુઓનાં છાણનો ઉપયોગ ખાતર તરીકે કરે છે. અનાજ ઉપરાંત બટાટા અને ઉનાળામાં થોડાં શાકભાજી પેદા કરી લે છે. ચારેબાજુ જંગલ છે. જોઈએ તેટલાં લાકડાં મળી રહે છે. પશુઓ માટે ઘાસચારાની તંગી નથી. આજુબાજુનાં જંગલમાં જડીબુટ્ટીઓ ખૂબ થાય છે. ગામના મોટેરાંઓ થોડા ઔષધ પ્રયોગો જાણે છે ને તેમનું કામ ચાલે છે. (ક્રમશઃ)

# ચૈત્ર માસમાં ઓખાહરણ અને લીમડાનો રસ!!


**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

આ જે ચૈત્ર માસની વદ પાંચમ એટલે કે અનેકાનેક રીતે મહત્વતા ધરાવતો લગભગ પોણો ચૈત્ર માસ પુરો થયો ગણાય. વિક્રમ સંવતનો છઠ્ઠો મહિનો અને શક સંવતનો પ્રથમ મહિનો ગણાતા ચૈત્ર માસથી ઘણા રાજયોમાં નૂતન વર્ષ પ્રારંભાય છે. મરાઠી લોકો ગુડી પડવાના મહાઉત્સવથી નૂતન વર્ષનું સ્વાગત કરે છે તો આંધ્રપ્રદેશમાં પણ ઉગાદી નામના તહેવારથી નૂતન વર્ષની ઉજવણી થાય છે. અગાદિકા શબ્દનો અપભ્રંશ એટલે ‘ઉગાદી’ છે. અગાદિકાનો અર્થ છે યુગારંભ, મતલબ બ્રહ્માજીએ આ દિવસે સૃષ્ટિની રચના કરેલી. માત્ર મહારાષ્ટ્ર-આંધ્રપ્રદેશમાં જ નહિ પણ ચૈત્ર સુદ એકમે પંજાબમાં બૈશાખી તરીકે ઉજવાતો મહોત્સવ છે તો સિંધમાં ચેટીચાંદ, કરેળમાં વિશુ, આસામમાં બિહુ અને જમ્મુ કાશ્મીરમાં નવરેહ તરીકે ઉજવાતા પર્વો ચૈત્ર માસના પ્રારંભે આવે છે. ચૈત્રી પૂનમનો સમય ચિત્રા નક્ષત્રમાં હોવાથી આ માસનું નામ ચૈત્ર પડયું હોવાની માન્યતા છે. સનાતનીઓમાં ખૂબ મહત્વપૂર્ણ ચૈત્ર માસ એટલા માટે ગણાય છે. ચૈત્રિ નવરાત્રીના પ્રારંભ સાથે રામનવમી, હનુમાન જયંતી, સ્વામીનારાયણ જયંતી, વલ્લભાચાર્ય જયંતી, હાટકેશ્વર જયંતી તથા સિંધી સમાજના ચેટીચાંદ જેવા અનેક તહેવારો અને પર્વ લઈને ચૈત્ર માસ આવે છે. મુસ્લિમ સમાજની ઈદ પણ આ વખતે ચૈત્ર માસમાં જ આવી. તિથિઓની ક્ષય-વૃદ્ધિને કારણે ગત વર્ષની જેમ ચૈત્ર માસમાં પારસી સમાજનું ‘નવરોજ’, શીખ ધર્મના બીજા ધર્મગુરુ અંગદદેવની જન્મજયંતી, ખ્રિસ્તીઓનો પવિત્ર તહેવાર ગુડફ્રાયડે અને આંબેડકર જયંતી જેવા સર્વધર્મીય ઉત્સવો અને તહેવારો ચૈત્ર માસ દરમ્યાન આવતા હોય છે. જો કે ગુજરાતી મહિનાના કારણે સનાતનીઓ માટે ચૈત્ર માસનું અધિક મહત્વ છે રહેલું ગણાય છે.

ચૈત્ર માસમાં ઉનાળો તેના સ્વભાવ મુજબ બરાબર તપતો હોય છે. બજારમાં ફળોના રાજા કેરીઓનુ આગમન થઈ ચુકયુ હોય છે અને બદલાયેલી ઋતુને કારણે લોકો પણ ખાવા પીવામાં બહુ ધ્યાન રાખતા હોય છે. આ મહિનામાં વિશેષ કરીને લીમડાના મોરનો કે કુણા પાનનો રસ પીવાનું મહત્વ છે. જોકે તેનું ધાર્મિક મહત્વ તો જાણવા નથી મળતું પણ સ્વાસ્થ્યલક્ષી લાભ માટે ભારતમાં જ ઉદ્દભવેલી આયુર્વેદ ચિકિત્સા લોકોને ચૈત્ર માસ દરમ્યાન કયારેય પણ એક સપ્તાહ સુધી લોકોને લીમડાના કુણા દસ-બાર પાનનો રસ કાઢી પીવાથી આખુ વર્ષ નિરોગી રાખે એવું સૂચવે છે. લીમડાનો સ્વભાવ મૂળ તો કડવો એટલે ગળે ઉતારવો અઘરો, પણ તેમાં બે-ત્રણ કાળા મરી, હિંગ, સિંધવ, જીરૂં, અજમો, દળેલી સાકર કે મધ ભેળવી બરાબર મિકસ કરવાથી સ્વાદમાં ફેર પડી જશે અને આ પ્રકારે અઠવાડીયા સુધી પીવાથી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક નિવડે છે. ગરમીમાં થતી અળાઈ, ફોલ્લી અને ગુમડાથી રક્ષણ મળે છે. ઉપરાંત તાવ, કૃમિ, ઉલ્ટી, રકતદોષ, કફ - પિત્ત, દાહ અને વાયુના દોષથી બચવા લીમડાનો રસ ખૂબ ગુણકારી મનાયો છે. લીમડામાં રહેલા નિમ્બિન, નિમ્બિનન અને નિમ્બિડિન જેવા તત્વો વાઈરસ, ફૂગ અને બેકટેરિયાનો નાશ કરે છે. ખીલ, ખરજવુ, ચામડીની બળતરા જેવી ત્વચાને સ્પર્શતી તમામ તકલીફોમાં ખૂબ રાહત આપે છે. લીમડામાં રહેલું ટર્વેનોઈડ નામનું તત્વ રકતસ્થંભક હોવાથી ઘા રુઝાવવામાં મદદરૂપ થાય છે. પેટના રોગ જેવા કે અજીર્ણ, મરડો, કોલેરા, ટાઈફોઈડ વગેરે પિતપ્રકોપથી લોહી વિકારને કારણે થતા હોય છે જેનું લીમડાનો રસ શમન કરનારો છે. ચૈત્ર માસમાં જ પીવાનું એટલા માટે કહેવાયું છે કે સ્વાસ્થ્ય માટે સારૂં છે સમજીને આખું વર્ષ કોઈ પીયા ના કરે કારણ કે અતિ તો કોઈ વસ્તુ સારી નથી તો એ અંગે કોઈ અસમંજસ હોય તો આયુર્વેદના જાણકારની સલાહ લઈ લીમડાના પાનના રસનું જરૂર સેવન કરી શકાય.



ચૈત્ર માસમાં આપણે ત્યાં ઓખાહરણ વાચવાનું કે સાંભળવાનું ધાર્મિક મહત્વ છે. આખા ચૈત્ર માસ દરમિયાન ત્રણ વખત ઓખહરણ સાંભળવું જોઈએ. જો તમે એક વખત જ સાંભળવાની અનુકુળતા ધરાવો છો તો ત્રણ દિવસમાં ઓખાહરણનું વાંચન કે શ્રવણ પુરૂં કરવું જોઈએ. સૌભાગ્યવતી મહિલાઓ માતા પાર્વતિના આશીર્વાદ પ્રાપ્ત કરવા પૂજન-અર્ચન અને વ્રત રાખતી હોય છે. ઓખાહરણ કથાનો ઉલ્લેખ શ્રીમદ ભાગવતના દશમ સ્કંધના 62 અને 63માં અધ્યાયમાં સંક્ષિપ્તમાં દર્શાવાયો છે. ગુજરાતના નાના શહેરો અને ગામડાઓમાં ઓખાહરણ સાંભળવાની પંરપરા આજે પણ જળાયેલી છે. સ્વરૂપ થોડું બદલાયુ છે. પચાસ વર્ષ પહેલા મહિલાઓ રોજ સાંજે કે રાત્રે ઓખાહરણનું વાંચન કે શ્રવણ સાથે મળીને ગૃપમાં કરતી આજે સગવડતા મુજબ સમય મળે ત્યારે ઓખાહરણ વંચાય છે. ઓખાહરણનું આખ્યાન કરનારા ભૂદેવો સંગીત સાથે રસપ્રદ શૈલીમાં રજૂ કરતા જે સાંભળવાની મજા આવતી ઓખાહરણની પૌરાણિક કથા આધારીત મૂળ રચયિતા પ્રેમાનંદ હતા. ઈ.સ. 1667માં ઓખાહરણ આખ્યાનની રચના પ્રેમાનંદે કરી હતી. જેના 93 કડવા છે. જેને જાણકારો રાગોના આરોહ-અવરોહમાં ગાઈને પ્રસ્તુત કરે ત્યારે સાંભળવાનો આનંદ અલૌકિક જ હોય છે. કવિ પ્રેમાનંદ માત્ર કવિ નહોતા એક સારાં વાદક અને ગાયક હતા. તેનુ વાદ્ય હતુ ‘માણ’.., પાણી ભરવાની મોટી સાઈઝની નાના મોઢાવાળી ગોળી-માટલું જે તાંબાનું હોય તેના પર બંને હાથની દસેય આંગળીઓમાં વીંટી પહેરી તાલબદ્ધ થપાટ મારી વગડતા અને સાથે ઓખાહરણનું આખ્યાન પણ તાલબદ્ધ ગવાતું. એ પછી આ પ્રકારે આખ્યાન કરનારાઓની સંખ્યા ઘણી બધી વધી ગઈ હતી. જે બધા ભૂદેવો જ હતા અને તેને ‘માણ ભટ્ટ’ તરીકે સંબોધાતા. અનેક લુપ્ત થઈ રહેલી કલાઓની માફક ‘માણ’ની સાથે આખ્યાન કરવાની કલા લુપ્ત થતી ગઈ છે અને માંડ આંગળીના વેઢે નહીં પણ આંગળીઓ ગણી શકાય એટલા જ માણભટ્ટો કાર્યરત છે. ખૂબ મોટું નામ એવું અત્યારે ધાર્મિકલાલ પંડયા ‘માણ’ની સાથે બીજા હારમોનિયમ-તબલા જેવા સંગીતના સાધનોના સથવારે કયારેક આખ્યાન કરતા ટીવી ચેનલો પર જોવા મળે છે પણ ખૂબ મોટી ઉંમરને કારણે હવે તેના સંતાનો તેમની આ વારસાગત સંગીત કલાને જાળવી રહ્યાં છે.





ઓખાહરણ આખ્યાનનો સારાંશ સંક્ષિપ્તમાં કહીએ તો શિવ તપ કરવા ગયા હતા તે દરમ્યાન પાર્વતિજી એકવાર સ્નાન કરવા જાય છે ત્યારે તેમણે તેમની સુરક્ષા માટે પુત્ર અને પુત્રીને ઉત્પન્ન કરે છે તે દરમ્યાન શિવજી તપ કરી પરત ફરે છે ત્યારે પુત્ર સાથે શિવજીનું યુદ્ધ થાય છે જે જોઈને તેની પુત્રી કોઠીમાં સંતાય જાય છે. પુત્રનું યુદ્ધ દરમ્યાન શિરચ્છેદ થાય છે. પાર્વતિજી બહાર આવીને જૂએ છે. અહિં ગણેશ જન્મની વાર્તા આવે છે. પુત્રને છોડી કોઠીમાં સંતાઈ ગયેલી પુત્રી ઓખાને પાર્વતિજી શ્રાપ આપે છે કે જા તુ દૈત્યકુળમાં જન્મ લઈશ. પણ ઓખાની પ્રાર્થનાથી માતા પાર્વતિ આશીર્વાદ પણ આપે છે કે તારી કથા જે પણ સાંભળશે તેના સઘળા પાપ ટળી જશે. ઓખા આગલા જન્મમાં બાણાસૂરને ત્યાં પુત્રી તરીકે જન્મે છે અને જે મોટી થતાં તેના સ્વપ્નમાં રાજકુમાર દેખાય છે. એ તેની સખી ચિત્રલેખાને કે જે ચિત્રકળામાં પ્રવિણ છે તેને વર્ણન પરથી ચિત્ર બનાવવા કહે છે અને અંતે એ રાજકુમાર દ્વારિકાના શ્રીકૃષ્ણનો પૌત્ર અનુરુદ્ધ હોય છે તેનું ચિત્રલેખા દ્વારા જ ભરઉંઘમાં અપહરણ કરી લાવીને તેની સાથે ગાંધર્વલગ્ન કરે છે. અહિં અંતે બાણાસૂર અને કૃષ્ણ વચ્ચે યુદ્ધ થાય છે અને સુલેહ પણ થાય છે. ખૂબ જ વિસ્તૃત કથાનો આ સંક્ષિપ્ત સારાંશ છે આ રસપ્રદ કથા ઓખાહરણમાં જરૂર વાંચજો. એવી ધાર્મિક માન્યતા છે કે આ કથા વાંચવાથી કે સાંભળવાથી ઘરમાંથી અનિષ્ટ તત્વો નષ્ટ પામે છે. પરિવાર સુખી અને નીરોગી રહે છે. એક અસમંજસ અહિં એવી પણ ઉદ્દભવે છે કે સીતાહરણ, સુભદ્રાહરણ કથામાં સીતાનું અને સુભદ્રાનું જ હરણ થાય છે પણ આ કથામાં રાજકુમાર અનિરુદ્ધનું અપહરણ થાય છે તો પણ કથાનું નામ ‘ઓખાહરણ’ કેમ!!





# વૃંદાવનનું કામ્યવન અને વૃંદાદેવી મંદિર

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

વ્રજમંડળનાં 12 વનોમાં કામ્યવન ચોથા સ્થાને છે. કામ્યા શબ્દનો અર્થ થાય છે ‘અત્યંત સુંદર’, ‘સુશોભિત’ અથવા ‘અત્યંત આકર્ષક’. વ્રજ-મંડળની અંદરનું આ વન શ્રી કૃષ્ણનું સૌથી આકર્ષક સ્થળ છે. અનેક તળાવો, કૂવાઓ, તળાવો, વૃક્ષો, લતા, ફૂલો, ફળો અને પક્ષીઓની પ્રજાતિઓ તેની અસાધારણ સુંદરતામાં ફાળો આપે છે તેથી તેને કામ્યવન કહેવામાં આવે છે. આ તે સ્થાન છે જ્યાં કૃષ્ણે તેમના બાળપણમાં ઘણી લીલાઓ કરી હતી. વિષ્ણુ પુરાણ અનુસાર, કામ્યવનમાં 84 પવિત્ર તળાવ, 84 મંદિરો અને 84 સ્તંભો છે. એવું કહેવાય છે કે શ્રી કામસેન નામના પ્રસિદ્ધ રાજાએ આ બધાની સ્થાપના કરી હતી. કામ્યવન પાસે અસંખ્ય નાના-મોટા કુંડ (પાણીનું નાનું જળાશય), તેમ જ 14 માઈલની પરિક્રમા છે. વિમલ કુંડ, ધર્મ કુંડ અને કામ કુંડ કેટલાક અગ્રણી કુંડ છે.

એવું કહેવાય છે કે વ્રજમંડળમાં ચાર દેવો, ચાર દેવીઓ અને પાંચ મહાદેવો છે. પાંચ મહાદેવોમાંથી કામેશ્વર મહાદેવ કામ્યવનમાં નિવાસ કરે છે. કામેશ્વર મહાદેવના આ દેવતા કૃષ્ણના પ્રપૌત્ર વજનાભ દ્વારા આ સ્થાન પર સ્થાપિત કરવામાં આવ્યા હતા. ચાર દેવીઓમાંથી વૃંદાદેવી કામ્યવનના સુંદર જંગલમાં રહે છે. વૃંદાદેવી શ્રીમતી રાધારાણીની વિસ્તરણ છે અને તે રાધા અને કૃષ્ણ અને તેમના ભક્તોના આનંદ માટે વૃંદાવનની સમગ્ર ભૂમિનું આયોજન કરી રહી છે. વૃંદાદેવી વૃંદાવનની ભૂમિની પ્રમુખ દેવી છે. વાસ્તવમાં કામ્યવનનું સૌથી પ્રસિદ્ધ મંદિર રાધા ગોવિંદા મંદિર છે જ્યાં શ્રીમતી વૃંદાદેવી રહે છે. આ સમગ્ર વિશ્વમાં વૃંદાદેવીની સૌથી પ્રાચીન, અગ્રણી દેવી છે. શ્રીલ રૂપા ગોસ્વામી (વૃંદાવનના છ ગોસ્વામીઓમાં અગ્રણી જેમણે વૃંદાવનનાં ઘણાં સ્થળોનું ખોદકામ કર્યું હતું) એ વૃંદાદેવીના આ દેવતાને વૃંદાવનના જંગલમાં તેમના રાધા ગોવિંદા મંદિરમાં સ્થાપિત કર્યા હતા. વૃંદાદેવી કામ્યવનના જંગલમાં આવેલા આ રાધા ગોવિંદા મંદિરમાં ગયાં.

### વૃંદાવનનું કામ્યવન અને વૃંદાદેવી મંદિર

વૃંદાદેવી વૃંદાવનની ભૂમિની પ્રમુખ દેવી છે. હકીકતમાં, તે રાધા અને કૃષ્ણ અને તેમના ભક્તોના મનોરંજન માટે આનંદદાયક વ્યવસ્થા કરવા માટે વૃંદાવનની આખી ભૂમિનું આયોજન કરી રહી છે. તેણી પાસે લાખો પોપટ છે જે વૃંદાવનની આસપાસ ઊડતા હોય છે, જે બધા શ્રી રાધા અને કૃષ્ણના આનંદપ્રદ મનોરંજન માટે સંદેશા મોકલે છે. વૃંદાદેવી વૃંદાવનમાં ઋતુઓ, ખાસ ફૂલો અને વૃક્ષોને તેમની ખાસ સુગંધથી બનાવી રહી છે. શ્રી રાધા અને કૃષ્ણ અને ગોપાઓ અને ગોપીઓના આનંદ માટે તેઓ બધા આખરે વૃંદાદેવીના માર્ગદર્શન હેઠળ આયોજન કરે છે. જેના દ્વારા રાધા અને કૃષ્ણ તેમનો આનંદ માણી શકે છે.

ઈસ્કોનના સંત રાધાનાથ સ્વામીએ કામ્યવનને તેમની યાત્રા દરમિયાન સમજાવ્યું હતું કે એક વાર જ્યારે રૂપા ગોસ્વામી વૃંદાવનમાં રહેતાં હતાં ત્યારે તેમને એક દર્શન થયું જેમાં વૃંદાદેવી તેમને દેખાયાં અને જાહેર કર્યું કે તેઓ તેમના દેવતા સ્વરૂપમાં બ્રહ્મકુંડમાં છુપાયેલાં છે. તેથી શ્રીલ રૂપા ગોસ્વામીએ શ્રી બ્રહ્માકુંડનું ખોદકામ કર્યું અને ત્યાં વૃંદાદેવીની આ સુંદર મૂર્તિ મળી. વૃંદાદેવીની સ્થાપના લગભગ 5,000 વર્ષ પહેલાં કૃષ્ણના પ્રપૌત્ર વજનાભ દ્વારા કરવામાં આવી હતી.

શ્રીલ રૂપા ગોસ્વામીએ વૃંદાવનમાં તેમના રાધા ગોવિંદા મંદિરમાં વૃંદા દેવીની સ્થાપના કરી અને ત્યાં તેમણે વ્યક્તિગત રીતે તેમની પૂજા કરી. પાછળથી જ્યારે ઔરંગઝેબે મંદિરો અને દેવતાઓનો નાશ કરવા વૃંદાવન પર હુમલો કર્યો ત્યારે જયપુરના રાજાએ વૃંદાવનના તમામ અગ્રણી દેવતાઓને સંરક્ષણ માટે જયપુર લાવવાનું નક્કી કર્યું. તેથી તે બળદગાડા પર શ્રી શ્રી રાધા મદનમોહન, રાધા ગોવિંદા, રાધા ગોપીનાથ અને રાધા ગોવિંદાજીના દેવતાઓ સાથે શ્રીમતી વૃંદાદેવી લાવ્યાં. જયપુર જવાના રસ્તે તેઓ કામ્યવનમાં ત્રણ રાત રોકાયા. ચોથા દિવસે સવારે વૃંદાદેવીની ગાડી સિવાય તમામ ગાડીઓ સમય મુજબ ચાલુ થઈ ગઈ.

> ઔરંગઝેબે મંદિરો અને દેવતાઓનો નાશ કરવા વૃંદાવન પર હુમલો કર્યો ત્યારે જયપુરના રાજાએ વૃંદાવનના તમામ અગ્રણી દેવતાઓને સંરક્ષણ માટે જયપુર લાવવાનું નક્કી કર્યું

તેઓએ બધું જ અજમાવ્યું પરંતુ તેઓ આ કાર્ટને એક ઈંચ પણ ખસેડી શક્યા નહીં. પછી વૃંદાદેવીએ પૂજારીઓને જણાવ્યું કે “હું વૃંદાવન છોડવા માંગતી નથી. કૃષ્ણ બ્રહ્માંડના ભગવાન છે. તે ગમે ત્યાં જઈ શકે છે પણ હું વૃંદાવનની દેવી છું, કૃપા કરીને મને વૃંદાવનમાંથી ન લઈ જશો. તેથી તે સમયથી જ તે અહીં કામ્યવનના રાધા ગોવિંદા મંદિરમાં રહે છે. વાસ્તવમાં આ કામ્યવનનું સૌથી પ્રખ્યાત મંદિર છે